**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# લૉકડાઉનના પગલે તાજા મરી-મસાલાં ભરવાની 'સીઝન' છુટી રહી છે

## દર વર્ષે પોતાની જાતે જોઈ-પરખી ખરીદી કર્યા પછી નજર સમક્ષ ખંડાવી દળાવીને મરી-મસાલાં ભરતી ગૃહિણીઓને જો લૉકડાઉન લંબાશે તો ના છૂટકે તૈયાર મસાલાં ખાવા પડશે તેવી ભીતિ

ગાંધીનગર, તા.૧૦
કોરોના કોવિદ-૧૯ વાઈરસના સંક્રમણને અટકાવવા સમગ્ર ભારત દેશમાં લૉકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. જેને કારણે દેશનું અર્થતંત્ર તો થંભી ગયું છે પરંતુ તે સાથે ગૃહિનીઓ માટે સમગ્ર વર્ષ માટે ઘરમાં ભરવાના ઘઉં તથા મરી-મસાલાં વગેરેની સીઝન પણ હાથમાંથી સરી રહી છે. આ સ્થિતિ જો લાંબી ચાલશે તો અનેક સંપન્ન શહેરીજનોના ઘરમાં પણ મરી-મસાલાં ખૂટી પડશે અને જેઓ હંમેશા જાતે પસંદ કરી, જાતે તૈયાર કરીને મરી-મસાલાં ભરવા ટેવાયેલા છે તેમને ના છૂટકે તૈયાર મસાલાંનો ઉપયોગ કરવાની ફરજ પડશે.

ભારતીય સંસ્કૃતિમાં ધન હોય કે ધાન્ય હોય દરેકનો ભવિષ્યમાં આવી પડતાં આકસ્મિક સંજોગોને પહોંચી વળવા સંગ્રહ કરવાની વૃત્તિ જોવા મળે છે અને કદાચ આ જ કારણે ૧૭ દિવસના લૉકડાઉન વીતવા છતાં સરેરાશ નાગરિકોને ખાવા-પીવાની કોઈ તકલીફ નથી અને કદાચ લૉકડાઉન ભગવાન ના કરે ને બે ત્રણ માસ ચાલે તો પણ આ સ્થિતિને પહોંચી વળાય તેટલું ધાન્ય લગભગ મોટાભાગના ઘરોમાં હશે જ. એ જ રીતે મરી મસાલાંનો સંગ્રહ પણ આખા વર્ષની જરૂરિયાતને અનુલક્ષીને કરવામાં આવતો હોય છે અને આ મરી મસાલાં માર્ચ એપ્રિલ માસમાં જ સૌથી વધુ તાજા પ્રાપ્ત થાય છે તેથી મરી મસાલાં ભરવા માટે આ શ્રેષ્ઠ સીઝન ગણવામાં આવે છે. આમ તો જમાનો અત્યારે રેડીમેડ અને દળેલાં તૈયાર મસાલાંનો છે પરંજુ હજુ પણ ઘણા ઘરમાં આ સીઝન દરમિયાન હળદર, મરચું, મરી, ધાણાજીરું, વગેરે સહિતની આખા મસાલાની ખરીદી કરી જાતે ખાંડીને કે દળીને અથવા પોતાની વિશ્વાસપાત્ર જગ્યાએ ખંડાવીને કે દળાવીને ભરવાની પ્રથા અમલમાં જોવા મળે છે. પોતાની જાતે કે નજર સમક્ષ તૈયાર થયેલા શુધ્ધ મસાલાંનો ઉપયોગ કરવા ટેવાયેલા આ પરિવારોમાં અત્યારે લૉકડાઉનના પગલે ચિંતાનો માહોલ સર્જાયો છે કેમ કે એક તરફ ગત વર્ષના મરી મસાલાં પુરા થવા આવ્યા હોય તેવી સ્થિતિ છે અને બીજી તરફ નવા મરી મસાલાં ભરવા માટે લૉકડાઉન પુરું થાય ત્યાં સુધી રાહ જોવી પડશે. આ સ્થિતિમાં ફરજિયાત પણે તૈયાર મસાલાનો ઉપયોગ કરવાની ફરજ પડશે. આ તબક્કે લૉકડાઉનના કારણે મરી મસાલાંના વેપારીઓમાં પણ 'આખા વર્ષની સીઝન' માથે પડી રહી હોવાનો ખતરો તોળાઈ રહ્યો છે.







## કોરોનાની કટોકટીમાં કેમેરાની 'કિલક'..!!

સંકલન : સમીર રામી



કપરા સમયનો કયારે અંત આવશે તે નક્કી થતું નથી. જેમ જેમ દિવસો પસાર થાય છે તેમ નિરાશા વધતી જાય છે. હજુ કેટલા દિવસ ઘરમાં રહેવું પડશે તે પ્રશ્ન સૌ કોઈને મુંઝવી રહ્યો છે. ધંધા રોજગારનો પ્રશ્ન તો છે જ પરંતુ લોકો માનસિક રીતે હેરાન પરેશાન છે. સમગ્ર વિશ્વ ચિંતામાં છે ત્યારે સાયકલ પર સવાર આ બંને મિત્રો બિન્દાસ ફરી રહ્યા છે.

## પોલીસ કર્મીની કાર રસ્તામાં ખોટકાઈ...!!



શહેરમાં લૉકડાઉનના ૧૭ દિવસ થઈ ગયાં છે. લૉકડાઉનનું યોગ્ય રીતે પાલન થાય તે માટે પોલીસ કર્મચારીઓ સતત સેવા બજાવી રહ્યા છે. માર્ગો પર ખૂબ જૂજ પ્રમાણમાં વાહનોની અવર જવર જોવા મળે છે. આ સ્થિતિમાં વાહનમાં જો કોઈ ખામી સર્જાય તો તેને રીપેરીંગ માટે કારીગર પણ મળવો મુશ્કેલ છે અને મળી જાય તો કોરોના સંક્રમણનું જોખમ લઈને તે તમારું વહન રીપેર કરવા આવે તેવી શકયતા પણ ઓછી છે. આ સ્થિતિમાં ગાંધીનગરના એક પોલીસ કર્મીની પોતાની કારમાં ખામી સર્જાતા રસ્તામાં અટવાઈ પડી હતી. જો કે પોલીસ કર્મીએ તેનો કારીગર પણ શોધી લીધો અને તેને કાર સુધી લાવી રીપેરીંગ પણ કરાવી લીધું. બની શકે કે કારીગરે પણ પોલીસની ફરજ જોઈને અથવા પોલીસના ડરના લીધે પણ કામ કરવાની ના પાડી શકયો ના હોય...!!



## હેં સાહેબ, આ લૉકડાઉન કયારે પુરું થશે??

'ઉપર આભને નીચે ધરતી' જેવી સ્થિતિમાં જીંદગી જીવતા શહેરના જરૂરિયાતમંદ વર્ગની આ ભિક્ષુક મહિલા કયાંક છુટક મજુરી કામ મળે તે કરી લઈનો ગુજરાન ચલાવે છે. અત્યારે લૉકડાઉનના કારણે કામધંધા બંધ હોવાથી ખાવાના પણ ફાંફા પડી ગયાં છે. પરંતુ શહેરમાં ચાલી રહેલા સેવાકાર્યો થકી બે ટંક પેટનો ખાડો પુરાઈ જાય છે. શહેરમાં વધી રહેલી ઉનાળાની ગરમીના કારણે સીટી બસ સ્ટેન્ડના છાંયડે પોરો ખાવા બેઠેલી આ મહિલાને પણ એક ચિંતા સતાવી રહી હતી જે વ્યકત કરતાં એણે પુછયું કે 'હેં સાહેબ, 'આ લૉકડાઉન કયારે પુરું થશે?..!!'







સહીયર ગ્રુપ દ્વારા હાલની લૉકડાઉનની પરિસ્થિતિમાં સારું કામ થઈ રહ્યું છે. કરવાના કામમાં રોકાયેલા સ્વાસ્થ્ય કર્મચારીઓનું સહીયર ગ્રુપે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને અનાજની કીટ આપી હતી. નાના બાળકોને બિસ્કીટ વહેંચવામાં આવ્યા હતા.



દેશમાં સ્થિતિ ગંભીર બની છે. લૉકડાઉનના કારણે સમગ્ર દેશના લોકો ઘરમાં પુરાઈ ગયા છે. સરકાર સતત લોકોને ઘરની બહાર ન નીકળવા અપીલ કરી રહી છે. આવા સમયે કારણ વગર ઘરની બહાર નીકળતા યુવાનો સાથોસાથ અન્યોના સ્વાસ્થ્ય સાથે ચેંડા કરી રહ્યા છે. સેકટર-૭-ડીમાં આ નવયુવાનો ત્રણ સવારી પર નીકળી સોશિયલ ડીસ્ટન્સિંગનો છડેચોક ભંગ કરી રહ્યા છે.

## ઝુંડાલથી વૈષ્ણોદેવી જવાના માર્ગ પરથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૧૦
ગાંધીનગર નજીક ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના માર્ગ પર ગત તા. ૬ ના રોજ રાત્રીના ૧૦.૩૦ વાગ્યાના અરસામાં બાઈક લઈને પસાર થઈ રહેલા ઈસમે શૌચક્રિયા માટે બાઈક ઉભી રાખી હતી અને બાઈક પરથી ઉતરીને નીચે ગયો હતો. ત્યારે ગણતરીની મિનીટોમાં જ આ બાઈકની ઉઠાંતરી થઈ ગઈ હતી. આસપાસ તપાસ કરવા છતા અને રાહ જોયા પછી પણ નહી મળી આવતા બાઈક અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મુળ. રાજસ્થાનના અને ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ફતેપુરા રહે. ૨૮૬ ખાતે રહેતા ગંગારામ મોતીજી ગુર્જર પેપર પસ્તીનો વેપાર કરે છે. ગંગારામની માલિકીનું હીરોહોન્ડા બાઈક નં. જી.જે.૧૮.સી.ઈ-૫૨૨૮ હતુ જેનો ઉપયોગ વેપારના કામકાજ અર્થે કરતો હતો. આ બાઈક ગંગારામે પોતાના ભાઈના સાળાને ઈશ્વરજી હાલુજી ગુર્જર (વૈષ્ણોદેવી સર્કલ)ને વાપરવા માટે આપ્યું હતું. ગત તા.૭-૨-૨૦ ના રોજ ઈશ્વરજીએ ગંગારામને ફોન કરીને જાણ કરી હતી કે બાઈક લઈને હુ ઘરે આવતો હતો. રાત્રીના ૧૦.૩૦ વાગ્યાના અરસામાં ઝુંડાલથી વૈષ્ણોદેવી સર્કલ પાસે પેશાબ કરવા માટે ઉભો રહ્યો હતો. ત્યારે કોઈ અજાણ્યા ઈસમો બાઈક લઈને ભાગી ગયા હતા. ત્યારબાદ આસપાસ તપાસ કરતા અને રાહ જોયા પછી પણ બાઈક નહી મળી આવતા અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લોકડાઉનમાં આંટા-ફેરા મારતા ૮૨ સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૦
એક તરફ સમગ્ર ગુજરાતમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે. ત્યારે લોકડાઉનની પરિસ્થિતિમાં પણ ગાંધીનગર શહેરી-ગ્રામીણ વિસ્તારમાં કામ વિના ફરતા નાગરીકો જોવા મળી રહ્યા છે. હજુ પણ તેઓ જાણે ઘરમાં બેસી રહેવા માટે તૈયાર ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે બિનજરુરી આંટાફેરા મારતા નાગરીકોને પકડી પાડવા માટે પોલીસ તંત્ર દ્વારા રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત ડ્રોન કેમેરાથી પણ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે પોલીસના હાથે આજે આંટાફેરા મારતા ૮૨ નાગરીકો પકડાઈ ગયા હતા. પોલીસે આ તમામ સામે જાહેરનામાં ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરી-ગ્રામીણ વિસ્તારમાં હજુ પણ લોકડાઉનની વચ્ચે પણ બિનજરુરી ઘરની બહાર નીકળતા નાગરીકો નજરે પડે છે. જેમાં પોલીસ દ્વારા ઉવારસદ ખોડીયારનગરમાંથી ૨, ભાટ ગામે થી ૬, દશેલામાંથી ૪, શાહપુરમાંથી ડ્રોનની મદદથી ૪, ડભોડામાંથી ૩, રાંધેજા ભાગોલમાંથી ૩, મેદરામાંથી ૨, વલાદ ફુલપુરા શાળા પાસેથી ૩ અને વલાદ ભાગોળમાંથી ૩ શખ્સોની અટકાયત કરી હતી. શહેરી વિસ્તારમાં કુડાસણ શ્યામ રેસીડન્સી પાસેથી ૩, સેકટર-૨૪ માંથી ૪, સેકટર-૨૬ ગ્રીનસીટીમાંથી ૬, ખ-૭ સર્કલ પાસેથી ૨, થર્મલ પાવર સ્ટેશન પાસેથી-૭ સેકટર-૨૩ ગાર્ડનમાંથી ૧, સે-૨૩ પેટ્રોલ પંપ નજીકથી ૨ અને સેકટર૨૪ના કટ પાસેથી ૨, સે-૫ માંથી ૧, સે-૨ના કોર્નર પર ઘ-૨ પાસેથી ૪ અને ભાટ ગામમાંથી ૪, મોટા ચિલોડા પાસેથી ૫, પેથાપુર ચોકડીથી ૨, વાવોલ વિવિધ સ્થળેથી ૫, અને સકેટર-૧૩ છાપરામાંથી ૪ અને પીંડારડા ગામના રીક્ષા ચાલક રોહિતસિંહ વાઘેલા અને સરઢવના રીક્ષા ચાલક અલ્કેશ નાડીયા સામે પણ જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે.

# લૉકડાઉનનો સમય શહેરીજનો ઘરકામ કરી પસાર કરી રહ્યા છે

## આ દિવસોમાં ડાલગોના કોફી ચેલેન્જ સાથે ઓનલાઈન રેસિપી જોઈ અલગ અલગ વાનગી બનાવવાનો ટ્રેન્ડ : ઓનલાઈન વર્કઆઉટ કરી ફીટ રહેવા શહેરીજનો સહજ

ગાંધીનગર, તા.૧૦
લોકડાઉનને પગલે ઘરમાં જ રહીને ઘરનું કામ કરવા સાથે અમુક વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે અને સાથે શહેરીજનો ફીટ રહેવામાં વ્યસ્ત છે. ઓફિસ તરફથી આપવામાં આવતા વર્ક અને મીટિંગ માટે વિડિયો કોલના માધ્યમથી કોન્ફરન્સનો ઉપયોગ થાય છે. ઉપરાંત ફીટનેસ એપ્લિકેશન દ્વારા બતાવવામાં આવતી કસરતોથી સૌ ફીટ રહેવાનો ટ્રાય કરી રહ્યા છે . આ સાથે કામવાળાને છુટ્ટી આપી દીધી હોવાથી શહેરના મોટાભાગના ઘરોમાં પરિવારજનોએ ઘરના કામ સરળ ભાગે વહેચી લીધા છે. જેથી ઘરની કોઈ એક વ્યકિત પર કામનો ભાર ન આવે.

લૉકડાઉનમાં શહેરીજનો દ્વારા વિવિધ પ્રવૃતિઓ સાથે સંકળાઈને આ સમયને પસાર કરવામાં આવી રહ્યો છે ત્યારે મોટાભાગના શહેરીજનો ઘરમાં પોતાની માતા કે પત્નીને ઘરનું કામ કરાવવામાં મદદ કરી રહ્યા છે અને તેવું માની રહ્યા છે કે એકસ્ટ્રા કેલરી બર્ન કરવા માટે ઘરનું કામ કરવું અનિર્વાય છે. આ સાથે કસરત તો છે જ. ઉપરાંત બાળકો અને વિદ્યાર્થીઓ ઓનલાઈન નવા નવા કોર્સ કરી રહ્યા છે અને વેબ સિરીઝ સાથે ફેમિલી ટાઈમમાં ફિલ્મો પણ નિહાળી રહ્યા છે. એક ટેકનોલોજી કંપનીના સર્વે મુજબ ગૂગલ ડયુ ઓ, ઝૂમ વિડિયો એપ્લિકેશન, હેંગ આઉટ જેવી વિડિયો ચેટ થઈ શકતી એપ્લિકેશનમાં સૌથી વધુ યુઝર નોંધાયા છે. જે ૧૦૦% થી પણ વધુ છે. શહેરીજનો હવે ઘરની બહાર નીકળી શકે તેમ છે નહિ એટલે હોમ કૂકીંગ કરીને પણ સમય વિતાવી રહ્યા છે. યુ ટ્યૂબ પર વાનગીઓના વિડિયો જોઈને રોજ અલગ અલગ વાનગી બનાવવાનું ચલણ વધ્યું છે. આ સાથે ડાલગોના કોફી હાલ ટ્રેન્ડ માં છે. જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. આ ઉપરાત પબજી અને લૂડો જેવી ગેમ પણ ગ્રુપમાં રમીને યુવાનો સમય પસાર કરી રહ્યા છે. આમ શહેરીજનો આવા અલગ અલગ નુસ્ખા અપનાવી પોતાના હોમ કવૉરોન્ટાઈન કમ લૉકડાઉનના દિવસો પસાર કરી રહ્યા છે.





